| કુલ ગુણ | 100 |
|---|---|

# JRCL ખાતાકીય પરીક્ષા- 2024

## PAPER - 3

**પરીક્ષાની તારીખ : ૨૨/૧૨/૨૦૨૪**

**પરીક્ષાનો સમય : સવારે ૧૧:૦૦ થી ૧૩:૦૦**

| કેટેગરી |
|---|
| A |

SEAL SEAL SEAL SEAL SEAL SEA

**JRCL PAPER-3**

SEAL SEAL SEAL SEAL SEAL SEAL

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક

પરીક્ષાનો બ્લોક નંબર

પરીક્ષાર્થીની સહી

બ્લોક સુપરવાઇઝરની સહી

| **પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ** | |
|---|---|
| (1) | તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્ન પુસ્તિકા ખોલવી નહીં |
| (2) | મોબાઇલ ફોન, કેલક્યુલેટર, સ્માર્ટ વોચ, પેજર, સ્પાય કેમેરા, હેડ ફોન કે અન્ય વીજાણું ઉપકરણો હોવાનુ જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે. |
| (3) | ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઇઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. |
| (4) | પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન પરીક્ષાર્થીએ પરીક્ષા ખંડ છોડવાની મનાઇ છે. |
| (5) | પ્રશ્નપત્ર મળે કે તરત જ ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવો. |
| (6) | ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિશ્ચિત જગ્યા સિવાય પરીક્ષાર્થીએ પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખ્ત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે. |
| (7) | ઉત્તરપત્ર **(OMR SHEET)** ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઇઝર બંનેની સહી ફરજીયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર **(OMR SHEET)** નું મુલ્યાંકન થશે નહીં. જેથી ઉમેદવારે સુપરવાઇઝરશ્રીની સહી અવશ્ય મેળવી લેવી. |
| (8) | પરીક્ષાર્થીએ બ્લ્યુ/બ્લેક બોલપોઇન્ટ પેનનો ઉપયોગ કરી શકાશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં. |
| (9) | પ્રશ્નપત્રની પુસ્તિકામાં કે પ્રશ્નના જવાબ આગળ કોઇપણ પ્રકારની નિશાની કરવી નહી. |
| (10) | આ કસોટી પત્રમાં કુલ -100 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.<br>ઉદાહરણ તરીકે : ગુજરાતનું પાટનગર કયું છે ?<br>(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડનગર (D) પાટણ<br>અહીં જવાબ (B) ગાંધીનગર જવાબ સાચો હોય, **OMR SHEET** માં વિકલ્પ (B) નું વર્તુળ ઘુંટવાનું (Encode) કરવાનું થાય.<br>Ⓐ ● Ⓒ Ⓓ |
| (11) | પ્રત્યેક સાચા જવાબદીઠ 1 (એક) ગુણ મળવાપત્ર થશે. માઇનસ માર્કીંગ સિસ્ટમ નથી. **(NO NEGATIVE MARKING SYSTEM)** |
| (12) | છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબ તથા બ્લેડ કે રબ્બર કે વાઇટનર (સફેદ શાહી) નો ઉપયોગ કરી બદલાવેલ જવાબ માટેના ગુણ મળવાપાત્ર નથી. |
| (13) | પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર **(OMR SHEET)** બ્લોક સુપરવાઇઝરને પરત કર્યા બાદ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્ત ભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. |
| (14) | આ પરીક્ષા માટેનો સમય ૧૨૦ મિનિટનો છે. |

# રફ કામ માટેનું પેઈજ

(1) RTI - 2005 હેઠળ માહિતી મેળવવા માટેની ફી કેટલી નક્કી કરવામાં આવેલ છે ?

(A) રૂા. 5 (B) રૂા. 15

(C) રૂા. 20 (D) રૂા. 30

(2) RTI - 2005 અનુસાર માંગવામાં આવેલ માહિતી કોઈ વ્યક્તિની જિંદગી અથવા સ્વતંત્રતા સાથે સબંધિત હોય ત્યારે વિનંતી મળ્યાના કેટલા સમયમાં તે માહિતી પૂરી પાડવી જોઈશે ?

(A) 24 કલાક (B) 48 કલાક

(C) 72 કલાક (D) 12 કલાક

(3) RTI - 2005 મુજબ મુખ્ય માહિતી કમિશ્નર પોતાનો હોદ્દો સંભાળે તે તારીખથી કેટલા વર્ષની મુદત સુધી હોદ્દો ધરાવશે ?

(A) ત્રણ વર્ષ (B) ચાર વર્ષ

(C) પાંચ વર્ષ (D) બે વર્ષ

(4) RTI - 2005 ની જોગવાઈ મુજબ કેન્દ્રીય માહિતી પંચની રચના કોણ કરી શકશે ?

(A) રાષ્ટ્રપતિ (B) કેન્દ્રીય કેબીનેટ મંત્રી

(C) કેન્દ્ર સરકાર (D) લોકસભાના વિરોધપક્ષના નેતા

(5) માહિતીનો અધિકાર અધિનિયમ - 2005 ના કયા પ્રકરણમાં જાહેર સત્તામંડળોની જવાબદારીઓ નક્કી કરવામાં આવેલ છે ?

(A) પ્રકરણ - 2 (B) પ્રકરણ - 3

(C) પ્રકરણ - 4 (D) પ્રકરણ - 5

(6) RTI - 2005 મુજબ 'સક્ષમ સત્તાધિકારી' ની વ્યાખ્યામાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?

(A) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ (B) સંવિધાનની કલમ - 239 હેઠળ નિમાયેલા વહીવટદાર

(C) રાષ્ટ્રપતિ / રાજ્યપાલ (D) વડાપ્રધાન

(7) RTI - 2005 મુજબ રાજ્ય માહિતી પંચમાં કેટલાં રાજ્ય માહિતી કમિશ્નરોનો સમાવેશ થઈ શકે ?

(A) અગિયાર

(B) જરૂર જણાય તેટલી સંખ્યામાં દસથી વધુ

(C) જરૂર જણાય તેટલી સંખ્યામાં પણ દસથી વધુ નહિ તેટલા

(D) ઓછામાં ઓછા દસ

(8) RTI - 2005 માં કેટલી અનુસૂચિ આપેલ છે ?

(A) એક (B) બે

(C) ત્રણ (D) ચાર

(9) RTI - 2005 મુજબ માહિતી માટેની અરજી મળેથી જાહેર માહિતી અધિકારીએ આવી અરજી મળ્યાના વધુમાં વધુ કેટલા સમયમાં માહિતી પૂરી પાડવી જોઈશે ?

(A) 30 દિવસ (B) 45 દિવસ

(C) 60 દિવસ (D) 48 દિવસ

(10) RTI - 2005 માં કુલ કેટલી કલમો સમાવિષ્ટ છે ?

(A) 21 (B) 31 (C) 34 (D) 38

(11) RTI - 2005 ની કઈ કલમમાં માહિતી સ્વાતંત્ર્ય અધિનિયમ - 2002 ને રદ કરવામાં આવેલ છે ?

(A) કલમ - 29 (B) કલમ - 30

(C) કલમ - 31 (D) કલમ - 28

(12) માહિતી મેળવવા માંગતી વ્યક્તિએ કયા નમૂનામાં માહિતી મેળવવા અરજી કરવી જોઈશે ?

(A) નમૂના - ક (B) નમૂના - ખ

(C) નમૂના - ગ (D) નમૂના - ઘ

(13) ગુજરાત માહિતીનો અધિકાર નિયમો - 2010 ના કયા નિયમમાં માહિતી મેળવવા માટેની ફી ના દર આપેલ છે ?

(A) નિયમ - 4 (B) નિયમ - 5

(C) નિયમ - 6 (D) નિયમ - 7

(14) RTI - 2005 મુજબ ગુજરાત સરકારે કરેલ નિયમો મુજબ માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ થયેલ અથવા સમયમર્યાદામાં નિર્ણય ના મળ્યો હોય તેવી વ્યક્તિ કયા નમૂનામાં અપીલ સત્તાધિકારીને અપીલ કરી શકશે ?

(A) નમૂનો - ક (B) નમૂનો - ગ

(C) નમૂનો - ઘ (D) નમૂનો - ચ

(15) RTI - 2005 અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા કરાયેલા નિયમો અનુસાર અપીલ સત્તાધિકારીના હુકમથી નારાજ થયેલ અરજદાર અપીલ સત્તાધિરાકીનો હુકમ મળ્યાની તારીખથી કેટલા દિવસથી અંદર રાજ્ય માહિતી આયોગને બીજી અપીલ કરી શકશે ?

(A) 30 (B) 45 (C) 90 (D) 120

(16) RTI - 2005 હેઠળ રાજ્ય માહિતી આયોગને બીજી અપીલ કરવાની અરજીમાં આ પૈકી શેનો સમાવેશ થતો નથી ?

(A) અરજદારનું નામ અને સરનામું (B) અપીલ માટેના કારણો

(C) માહિતી માંગવા માટેના કારણો (D) અપીલ કરવા અંગેની સંક્ષિપ્ત હકીકતો

(17) RTI - 2005 અંતર્ગત જાહેર માહિતી અધિકારીને મહત્તમ કેટલા રૂપિયા દંડની જોગવાઈ છે ?

(A) રૂા. 10,000 (B) રૂા. 15,000

(C) રૂા. 20,000 (D) રૂા. 25,000

(18) RTI - 2005 માં શુધ્ધબુદ્ધિથી લીધેલા પગલાને કઈ કલમથી રક્ષણ આપવામાં આવેલ છે ?

(A) કલમ - 20 (B) કલમ - 21

(C) કલમ - 22 (D) કલમ - 23

(19) RTI - 2005 ની કઈ કલમ અંતર્ગત કેન્દ્રીય કે રાજયના જાહેર માહિતી અધિકારી પર દંડ નાખતા પહેલા તેને સુનાવણીની વાજબી તક આપવાની જોગવી છે ?

(A) કલમ - 20 (1) (B) કલમ - 21

(C) કલમ - 20 (2) (D) કલમ - 19

(20) RTI - 2005 અંતર્ગત ગુજરાત સરકારે ફી બાબતે કરેલ કઈ જોગવાઈ સાચી નથી ?

(A) A-4, A-3 સાઇઝના કાગળ પર માહિતી હોય તો પાના દીઠ રૂા. 2

(B) રેકર્ડ તપાસણી માટે પ્રથમ કલાક માટે કોઈ ફી નહિ

(C) A-4, A-3 કરતા સાઇઝના કાગળ પર હોય તો તેની ખરેખરી કિંમત જેટલી રકમ

(D) ફ્લોપી અથવા ડીસ્કમાં માહિતી પૂરી પાડવાની હોય તો ફ્લોપી કે ડીસ્ક દીઠ રૂા. 50

(21) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 ની કલમ 13 (2) અથવા કલમ - 14 હેઠળ દંડની સજા કરવામાં આવે ત્યારે દંડ કરાવવા વિચારણામાં લેવાની બાબતો કઈ કલમમાં સમાવિષ્ટ છે ?

(A) કલમ - 13 (B) કલમ - 14

(C) કલમ - 15 (D) કલમ - 16

(22) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 મુજબ કયા ગુનાની ઈન્સાફી કાર્યવાહી માત્ર ખાસ ન્યાયાધીશો જ કરી શકશે ?

(A) ફક્ત કલમ - 7 માં દર્શાવેલ ગુના

(B) કલમ - 3 (1) માં નિર્દિષ્ટ કરેલા ગુના

(C) માત્ર કલમ 14 (ક) અને 14 (ખ) માં નિર્દિષ્ટ કેલ ગુના

(D) માત્ર કલમ - 13 (1) માં નિર્દિષ્ટ કરેલ ગુના

(23) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 મુજબ ખાસ ન્યાયાધીશ તરીકે નીચેના પૈકી કોની નિમણૂંક થઈ શકે નહિ ?

(A) અધિક સેશન્સ ન્યાયાધીશ (B) મદદનીશ સેશન્સ ન્યાયધીશ

(C) સેશન્સ ન્યાયાધીશ (D) મુખ્ય સરકારી વકીલ

(24) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 ની કલમ - 7 માં દર્શાવેલ ગુના માટે સજાની શું જોગવાઈ છે ?

(A) ત્રણથી પાંચ વર્ષ સુધીની કેદની શિક્ષા તેમજ દંડ

(B) ત્રણથી પાંચ વર્ષ સુધીની કેદની શિક્ષા પરંતુ દંડને પાત્ર નહિ

(C) ત્રણ વર્ષથી સાત વર્ષ સુધીની કેદની શિક્ષા પરંતુ દંડને પાત્ર નહિ

(D) ત્રણ વર્ષથી સાત વર્ષ સુધીની કેદની શિક્ષા અને દંડને પાત્ર

(25) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 હેઠળ શિક્ષાપાત્ર ગુનો કરવા માટે ઉશ્કેરણી બદલની શિક્ષાની જોગવાઈ કઈ કલમમાં નિયત કરવામાં આવેલ છે ?

(A) કલમ - 10 (B) કલમ - 12

(C) કલમ - 14 (D) કલમ - 13

(26) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 માં દર્શાવેલ ગુના માટે એકવાર દોષિત સાબિત થયા બાદ ફરીથી આ અધિનિયમ હેઠળનો શિક્ષાપાત્ર ગુનો કરે તો સમજાની શું જોગવાઈ છે ?

(A) પાંચ વર્ષથી દસ વર્ષ સુધીની કેદ પરંતુ દંડને પાત્ર નહિ.

(B) પાંચ વર્ષથી દસ વર્ષ સુધીની કેદ અને દંડને પણ પાત્ર

(C) ત્રણ વર્ષથી સાત વર્ષ સુધીની કેદની શિક્ષા પરંતુ દંડને પાત્ર નહિ

(D) ત્રણ વર્ષથી સાત વર્ષ સુધીની કેદની શિક્ષા પરંતુ દંડને પાત્ર

(27) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 ની કઈ કલમમાં રાજ્ય સેવકના ગુનાહિત ગેરવર્તન અંગેની જોગવાઈનો છે ?

(A) કલમ - 13 (B) કલમ - 12 (C) કલમ - 14 (D) કલમ - 15

(28) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 ની નીચે પૈકી કઈ કલમમાં વધુમાં વધુ દસ વર્ષ સુધીની સજાની જોગવાઈ છે ?

(A) કલમ - 11 (B) કલમ - 10 (C) કલમ - 14 (D) કલમ - 15

(29) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 ની કલમ - 13 (1) (ખ) માં ઉલ્લેખાયેલા કોઈ ગુનાની તપાસ કોના હુકમ વગર કરી શકાશે નહિ ?

(A) પોલીસ ઈન્સપેક્ટર
(B) નાયબ પોલીસ સુપ્રિટેન્ડન્ટ
(C) પોલીસ સુપ્રિટેન્ડન્ટ
(D) મદદનીશ પોલીસ કમિશ્નર

(30) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 ની જોગવાઈઓ મુજબ નીચેના પૈકી કોને જાહેર સેવક ગણી શકાય ? તે માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(i) સરકારી શિક્ષક
(ii) સરકારી કચેરીનો કરાર આધારીત કર્મચારી
(iii) રજી. સહકારી મંડળીનો પદાધિકારી
(iv) UGVCL નો કર્મચારી

(A) માત્ર (i), (iii) અને (iv)
(B) માત્ર (i) અને (iii)
(C) માત્ર (i)
(D) (i), (ii), (iii) અને (iv) તમામ

(31) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 મુજબની કલમ - 13 માં ઉલ્લેખાયેલ ગુનો કરવાની કોશીષ કરે તો મહત્તમ કેટલા વર્ષની કેદની શિક્ષા થઈ શકે ?

(A) ત્રણ વર્ષ
(B) ચાર વર્ષ
(C) પાંચ વર્ષ
(D) બે વર્ષ

(32) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 ની કઈ કલમ મુજબ આરોપી વ્યક્તિ સાક્ષી તરીકે સક્ષમ ગણાશે ?

(A) કલમ - 21
(B) કલમ - 22
(C) કલમ - 23
(D) કલમ - 20

(33) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 અનવયે ગુનેગાર વ્યક્તિના હિસાબો સંધી બેન્કરના ચોપડા કોણ તપાસી શકે ?

(A) મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
(B) ખાસ ન્યાયાધીશ
(C) નાયબ પોલીસ સુપ્રિટેન્ડન્ટ
(D) પોલીસ સુપ્રિટેન્ડન્ટ દ્વારા આ અર્થે ખાસ અધિકૃત કરેલ અધિકારી

(34) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 મુજબ કોના હૂકમ વગર શિક્ષાપાત્ર ગુનાની તપાસ કરી શકાશે નહિ ?

(A) મદદનીશ પોલીસ કમિશ્નર
(B) નાયબ પોલીસ સુપ્રિટેન્ડન્ટ અથવા સમકક્ષ દરજ્જાના પોલીસ અધિકારી
(C) પોલીસ ઈન્સપેક્ટર
(D) મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ અથવા પ્રથમ વર્ગના મેજીસ્ટ્રેટ

(35) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 ની કઈ કલમમાં અપીલ અને ફેર તપાસ અંગેની જોગવાઈ કરવામાં આવેલી છે ?

(A) કલમ - 27
(B) કલમ - 28
(C) કલમ - 25
(D) કલમ - 26

(36) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 ની કઈ કલમ રાજ્ય સેવક સામે આ અધિનિયમ સિવાય માંડી શકાય તેવી કાર્યવાહીમાંથી મુક્તિ આપતી નથી ?

(A) કલમ - 26
(B) કલમ - 28
(C) કલમ - 29 (ક)
(D) કલમ - 30 (ટ)

(37) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 ની કલમ - 7, 11, 13, 15 હેઠળના શિક્ષાપાત્ર ગુનાની વિચારણા કોની પૂર્વમંજૂરી વિના કરી શકાશે નહિ ?

(A) દરેક કિસ્સામાં કેન્દ્ર સરકાર

(B) દરેક કિસ્સામાં વિભાગના સચિવ

(C) હોદ્દા પરથી દૂર કરવાની સત્તા માટે સક્ષમ સરકાર અથવા સત્તાધિકારી

(D) પૂર્વમંજૂરીની જરૂર નથી.

(38) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 જે વિસ્તારમાં ગુનો કરવામાં આવ્યો હોય તે વિસ્તાર માટે એક કરતાં વધારે ખાસ ન્યાયાધીશો હોય ત્યારે કયા ન્યાયાધીશે ઈન્સાફી કાર્યવાહી કરવી તે કોણ નિર્દેશ કરશે ?

(A) સુપ્રિમ કોર્ટ

(B) જે તે રાજ્યની હાઈકોર્ટ

(C) રાજ્ય સરકાર

(D) કેન્દ્ર સરકાર

(39) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 સંદર્ભે શું સાચું નથી ?

(A) રાજ્ય સેવક એટલે આ અધિનિયમની કલમ - 2 (ગ) મુજબની કોઈ વ્યક્તિ કે જેની નિમણૂંક સરકાર દ્વારા જ થઈ હોય.

(B) આ અધિનિયમ ભારત બહારના સર્વે નાગરીકોને પણ લાગુ પડે છે.

(C) ખાસ ન્યાયાધીશની નિમણૂંક કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર કરી શકશે.

(D) જાહેર ફરજ એટલે જે ફરજ બજાવવામાં રાજ્યની જનતા કે મોટા સમૂદાયનું હિત હોય તેવી ફરજ

(40) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 ગુના અને શિક્ષાની જોગવાઈ કયા પ્રકરણમાં કરવામાં આવેલ છે ?

(A) પ્રકરણ - 1 (B) પ્રકરણ - 2

(C) પ્રકરણ - 3 (D) પ્રકરણ - 4

(41) POCSO એક્ટ 2012 અનવયે આપેલ 'વિકલ્પો પૈકી શાનો સમાવેશ ઉગ્ર પ્રવેશ જાતીય હુમલા' તરીકે થતો નથી ?

(A) જો કોઈ પણ જાહેર સેવક હોય અને બાળક ઉપર પ્રવેશ જાતીય હુમલો કરે.

(B) પોલીસ અધિકારી હોય અને તે તેની ફરજ દરમિયાન અથવા અન્યથા બાળક પર પ્રવેશ જાતીય હુમલો કરે.

(C) જે કોઈ પણ દસ વર્ષથી નીચેના વયના બાળક ઉપર પ્રવેશ જાતીય હુમલો કરે.

(D) જે કોઈ પણ બાળક ઉપર પ્રવેશ જાતીય હુમલો કરે અને તેને મારી નાખવાનો પ્રયત્ન કરે.

(42) POCSO એક્ટ - 2012 સંદર્ભે કોઈ વ્યક્તિ બાળકને સાંકળતા નગ્ન - કામચેષ્ટા સંબંધી અશ્લીલ સાહિત્ય-સામગ્રીના વાણિજિયક હેતુ માટે એકત્રીત કરે તેને સજાની જોગવાઈ શું છે ?

(A) ત્રણ વર્ષ સુધીની કારાવાસની શિક્ષા

(B) ત્રણ વર્ષ સુધીની કારાવાસની શિક્ષા અથવા દંડ

(C) ત્રણ વર્ષ સુધીની કારાવાસની શિક્ષા અથવા દંડ અથવા બંને

(D) ત્રણ વર્ષ સુધીની સખત કારાવાસની શિક્ષા

(43) POCSO એક્ટ - 2012 મુજબ બાળક એટલે.....

(A) એવી કોઈ પણ વ્યક્તિ કે જેણે અઢાર વર્ષ પૂરા કર્યા નથી તે

(B) ધોરણ 1 થી 12 માં અભ્યાસ કરતું બાળક

(C) 6 થી 14 વર્ષ સુધીનું બાળક

(D) એ કોઈ પણ વ્યક્તિ કે જેણે સોળ વર્ષ પૂર્ણ કર્યા નથી તે

(44) POCSO એક્ટ - 2012 માં ઉગ્ર પ્રવેશ જાતીય હુમલા માટે કઈ શિક્ષા નિયત કરવામાં આવેલ છે ?

(A) દસ વર્ષ કરતાં ઓછી ન હોય તેવી સખત કારાવાસની શિક્ષા

(B) દસ વર્ષ કરતા વધુ નહિ તેવી સખત કારાવાસની શિક્ષા અને આ સાથે દંડને પણ પાત્ર નહિ

(C) આજીવન કારાવાસ અને સાથે દંડને પાત્ર

(D) દસ વર્ષ કરતાં ઓછી નહિ તેવી સખત કારાવાસ જેને આજીવન કારાવાસ સુધી વિસારી શકાશે અને સાથે દંડને પણ પાત્ર ઠરશે.

(45) POCSO એક્ટ - 2012 અંતર્ગત જાતીય હુમલા માટેની શિક્ષાને ઓછામાં ઓછા ત્રણ વર્ષથી કેટલા વર્ષ સુધીના કોઈ પણ સમયગાળા સુધી વિસ્તારી શકાય ?

(A) દસ વર્ષ (B) ચાર વર્ષ

(C) ત્રણ વર્ષથી વધુના વિસ્તારી શકાય (D) પાંચ વર્ષ

(46) POCSO એક્ટ - 2012 મુજબ કોઈ વ્યક્તિ કયું કૃત્ય કરે તો તેનો જાતીય હુમલા તરીકે સમાવેશ થતો નથી ?

(A) જાતીય ઈરાદાથી બાળકના ગુપ્તાંગોને સ્પર્શે.

(B) બાળકને પોતાના કે અન્ય વ્યક્તિના ગુપ્તાંગો ને સ્પર્શ કરાવે.

(C) જાતીય ઈરાદાથી અંગ પ્રવેશ સિવાય અન્ય કોઈ પણ પ્રક્રિયા દ્વારા શારીરિક સબંધ કરે.

(D) નગ્ન કામચેષ્ટાના હેતુસર બાળકને લલચાવે અથવા એ માટે બાળકને ઉપહાર આપે.

(47) POCSO એક્ટ - 2012 મુજબ ગુનો કરવામાં મદદગારી માટે શિક્ષાની જોગવાઈ કઈ કલમમાં કરવામાં આવી છે ?

(A) કલમ - 16 (B) કલમ - 17

(C) કલમ - 18 (D) કલમ - 15

(48) POCSO એક્ટ - 2012 અનવયે ગુનાની "શુધ્ધબુધ્ધિથી સૂચના આપનાર વ્યક્તિ દીવાની કે ફોજદારી જવાબદારી માટે જવાબદાર બનતો નથી" તેવી કઈ કલમમાં જોગવાઈ છે ?

(A) કલમ - 19 (1) (B) કલમ - 19 (3)

(C) કલમ - 19 (6) (D) કલમ - 19 (7)

(49) POCSO એક્ટ - 2012 અનવયે નીચેના પૈકી શું સાચું નથી ?

(A) બાળકનાં નિવેદનથી નોધણી તેના ઘરે અથવા જ્યાં તે રહેતો હોય અથવા તેની મનપસંદ જગ્યાએ જ કરવામાં આવશે.

(B) કોઈ પણ કારણસર બાળકને રાત્રીના સમયે પોલીસ સ્ટેશનમાં અટકાવી શકાશે નહિ.

(C) બાળકનું નિવેદન નોધતી વખતે પોલીસ અધિકારી, પોલીસ ગણવેશમાં જ હોવા જોઈએ.

(D) જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી મહિલા પોલીસ અધિકારી દ્વારા નિવેદન નોંધવામાં આવશે.

(50) POCSO એક્ટ - 2012 મુજબ બાળકના નિવેદન કોની હાજરીમાં લેવામાં આવશે ?

(A) બાળકના માતા-પિતા સિવાયના કુટુંબના કોઈ પણ સભ્ય

(B) સરકારી કર્મચારી

(C) કોઈ પણ વ્યક્તિ

(D) એવી કોઈ પણ વ્યક્તિ કે જેના ઉપર બાળકને વિશ્વાસ અથવા ભરોસો હોય.

(51) POCSO એક્ટ - 2012 મુજબ વિશેષ સરકારી વકીલને કોણ નિયુક્ત કરશે ?

(A) રાજ્ય સરકાર (B) કેન્દ્ર સરકાર

(C) જિલ્લા મુખ્ય ન્યાયાધીશ (D) હાઈકોર્ટ

(52) POCSO એક્ટ - 2012 અનવયે વિશેષ સરકારી વકીલ તરીકે કોણ લાયકાત ધરાવે છે ?

(A) વ્યવસાયિક વકીલ તરીકેનો સાત કે તેથી વધુ વર્ષનો અનુભવ ધરાવતા હોય

(B) કોઈ પણ સરકારી વકીલ

(C) રાજ્ય સરકાર કોઈ પણ વ્યક્તિને નિમી શકશે.

(D) વ્યવસાયિક વકીલ તરીકેનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ ધરાવતા હોય.

(53) POCSO એક્ટ - 2012 અંતર્ગત વિશેષ અદાલત માટે નીચેના પૈકી શું સાચું નથી ?

(A) ઈન્સાફી કાર્યવાહી દરમિયાન અમુક સમયના અંતરે બાળકને વિરામ માટેની પરવાનગી આપી શકાશે.

(B) બાળ-દોસ્તીભર્યું વાતાવરણ તૈયાર થાય તે માટે કુટુંબના સભ્યો, સગા-વહલા કે દોસ્તોને અદાલતમાં હાજર રહેવા પરવાનગી આપશે.

(C) એ વાતની ખાતરી આપશે કે પુરાવા નોધતી વખતે બાળક કોઈ પણ રીતે આરોપી નજરે પડવો જોઈએ નહિ.

(D) વિશેષ અદાલત કોઈ પણ સંજોગોમાં બાળકનું નિવેદન વિડિયો-કોન્ફરસીંગના માધ્યમથી નોંધી શકશે નહિ.

(54) POCSO એક્ટ - 2012 ની કઈ કલમમાં કેન્દ્ર - રાજ્ય સરકાર તથા અન્ય સબંધીત વ્યક્તિઓને આ અધિનિયમની જોગવાઈઓના અમલના ભાગરૂપે તાલીમ આપવાની જોગવાઈ છે ?

(A) કલમ - 43 (ક) (B) કલમ - 43 (ખ)

(C) કલમ - 44 (1) (D) કલમ - 45 (1)

(55) POCSO એક્ટ - 2012 ના ઉદ્દેશને પાર પાડવા નિયમો ઘડવા માટેની સત્તા કોની છે ?

(A) રાજ્ય સરકાર (B) કેન્દ્ર સરકાર

(C) સુપ્રિમ કોર્ટ (D) હાઈકોર્ટ

(56) POCSO એક્ટ - 2012 અંતર્ગત બાળકની તબીબી તપાસ વખતે માતા-પિતા કે બાળકના વિશ્વાસુ વ્યક્તિ હાજર ના થઈ શક્યા હોય ત્યારે આ તબીબી તપાસ કોની હાજરીમાં કરવી જોઈશે ?

(A) તબીબી સંસ્થાના પ્રમુખ

(B) તબીબી સંસ્થાની કોઈ પણ સ્ત્રી સભ્ય

(C) તબીબી સંસ્થાના પ્રમુખ દ્વારા નીમવામાં આવેલ સ્ત્રી

(D) સ્ત્રી પોલીસ કર્મચારી

(57) POCSO એક્ટ - 2012 અનવયે જો કોઈ વ્યક્તિ બાળક અથવા બાળકોનો અશ્લીલ સાહિત્યના ઉદ્દેશ માટે બીજીવાર દોષિત ઠરશે તો કેટલા વર્ષ સુધીની કારાવાસની શિક્ષાની જોગવાઈ છે ?

(A) પાંચ વર્ષ (B) ત્રણ વર્ષ

(C) સાત વર્ષ (D) દસ વર્ષ

(58) POCSO એક્ટ - 2012 અનવયે અશ્લીલ સાહિત્યના ઉદ્દેશ માટે બાળકના ઉપયોગ સબંધમાં શેનો સમાવેશ થાય છે ?

(A) ઈન્ટરનેટ પર બાળકના જાતીય ઈન્દ્રીયોને દર્શાવવી

(B) વહેંચણી માટેનો ઉદ્દેશ ન હોય તેવી જાહેર ખબરમાં બાળકને અશ્લીલ રીતે દર્શાવવો.

(C) ટેલીવિઝન ચેનલ પર વાસ્તવિક કે ખોટા જાતીય કૃત્યમાં બાળકને સંલગ્ન કરવા માટે ઉપયોગ

(D) ઉપરોક્ત તમામ

(59) POCSO એક્ટ - 2012 સંદર્ભે જાતીય સતામણીમાં આપેલ વિકલ્પો પૈકી કઈ બાબતનો સમાવેશ થતો નથી ?

(A) કોઈ વ્યક્તિ જાતીય ઈરાદા સાથે કોઈ શબ્દ ઉચ્ચારે કે કોઈ અવાજ કાઢે કે જેને બાળક સાંભળી શકે.

(B) નગ્ન કામચેષ્ટાના ઈરાદા સાથે પ્રચાર પ્રસારના માધ્યમ દ્વારા બાળકોને કોઈ વસ્તુ તરીકે દેખાડવો.

(C) બાળકનો પીછો કરવો અથવા બાળક પર નજર રાખવી.

(D) કોઈ વ્યક્તિ જાતીય ઈરાદા સાથે બાળકને તેના શરીરનો કોઈ ભાગને પોતે અથવા અન્ય વ્યક્તિ જોઈ શકે તેવી રીતે પ્રદર્શિત કરાવવો.

(60) POCSO એક્ટ - 2012 સંદર્ભે નીચે પૈકી કયું જોડકું સાચું નથી.

(1) કલમ - 3 : પ્રવેશ જાતીય હુમલો

(2) કલમ - 5 : ઉગ્ર પ્રવેશ જાતીય હુમલો

(3) કલમ - 7 : જાતીય હુમલા માટેની શિક્ષા

(4) કલમ - 9 : ઉગ્ર જાતીય હુમલા માટેની શિક્ષા

યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

(A) (3) અને (4) (B) (1) અને (3)

(C) (2) અને (3) (D) (1) અને (4)

(61) એક સંસ્થામાં જાતીય સતામણીનો ભોગ બનેલ નીચે આપેલા વિકલ્પો પૈકીની મહિલા છે.

(i) આ સંસ્થાની કાયમી કર્મચારી છે.

(ii) આ સંસ્થામાં તાલીમ માટે આવેલ છે.

(iii) આ સંસ્થામાં કોન્ટ્રાક્ટ પર કામ કરે છે.

(iv) આ સંસ્થામાં નોકરી કરતી નથી.

ઉપરોક્ત પૈકી કોણ હોય તો આંતરીક ફરિયાદ સમિતિને ફરીયાદ કરી શકશે ?

(A) ફક્ત (i), (ii) અને (iii) (B) (i), (ii), (iii) અને (iv) તમામ

(C) ફક્ત (i) અને (iii) (D) ફક્ત (i)

(62) કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણીના કાયદા મુજબ આંતરીક ફરિયાદ સમિતિ માટે શું સાચું નથી ?

(A) સમિતિના મુખ્ય અધિકારી કચેરીમાં ઉચ્ચ હોદ્દા પર સ્ત્રી હોવા જોઈએ.

(B) સમિતિમાં 75 % સભ્યો સ્ત્રીઓ હોય તે જરૂરી છે.

(C) સમિતિમાં ઓછામાં ઓછાં એક સભ્ય બિનસરકારી સ્વૈચ્છિક સંસ્થાના હોવા જોઈએ કે જેમને જાતીય સતામણીના કેસમાં કામ કરવાનો અનુભવ હોય.

(D) બે કરતાં ઓછા નહિ તેટલા સભ્યો સામાજીક કાર્ય તથા કાયદાનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

(63) કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અધિનિયમ - 2013 મુજબ જિલ્લા કક્ષાએ ડિસ્ટ્રીક્ટ ઓફિસર તરીકે કોની નિમણૂંક કરી શકાશે ?

(A) ડેપ્યુટી કલેક્ટર

(B) જિલ્લા વિકાસ અધિકારી

(C) જિલ્લા શિક્ષણાધિકારી

(D) જિલ્લાના કોઈ પણ વર્ગ-1 ના મહિલા અધિકારી

(64) કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અધિનિયમ - 2013 અનવયે ગ્રામ્ય કે આદિજાતી વિસ્તારમાં તાલુકા કક્ષાએ નૉડલ ઓફિસરની નિમણૂંક કોણ કરી શકશે ?

(A) ડિસ્ટ્રીક્ટ ઓફિસર
(B) તાલુકા વિકાસ અધિકારી
(C) મામલતદાર
(D) સમાજ કલ્યાણ અધિકારી

(65) કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અધિનિયમ - 2013 અનવયે નૉડલ ઓફિસરે ફરીયાદ મેળવી કેટલા દિવસમાં સ્થાનિક સમિતિને મોકલવાની રહેશે ?

(A) બે દિવસ
(B) સાત દિવસ
(C) ત્રીસ દિવસ
(D) ચૌદ દિવસ

(66) કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અધિનિયમ - 2013 અનવયે સ્થાનિક સમિતિના અધ્યક્ષ કે સભ્ય તેઓની નિમણૂંકની તારીખથી કેટલા સમય સુધી સંભાળશે ?

(A) એક વર્ષ સુધી
(B) પાંચ વર્ષ સુધી
(C) ત્રણ વર્ષ સુધી
(D) છ માસ સુધી

(67) કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અધિનિયમ - 2013 અનવયે મહિલા સાથે થયેલ જાતીય સતામણી બાબતની ફરીયાદ આપવાના સમય બાબતે શું સાચું છે ?

(A) બનાવ બન્યાના ત્રણ મહિના સુધીમાં
(B) બનાવ બન્યાના છ મહિના સુધીમાં
(C) એકથી વધારે બનાવ બનવાના કિસ્સામાં છેલ્લા બનાવના છ માસ સુધીમાં
(D) એકથી વધારે બનાવ બનવાના કિસ્સામાં પ્રથમ બનાવના ત્રણ માસ સુધીમાં

(68) કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અંગેનો કાયદો - 2013 અનવયે પ્રતિવાદી જો સરકારી કર્મચારી હોય તેવા કિસ્સામાં આંતરીક કે સ્થાનિક ફરિયાદ સમિતિ શું કાર્યવાહી કરશે ?

(A) કર્મચારીને તાત્કાલિક અસરથી બરતરફ કરશે.
(B) કર્મચારીને લાગુ પડતા સેવા નિયમોની જોગવાઈઓ મુજબ ફરિયાદની તપાસ માટે આગળ વધશે.
(C) ભારતીય દંડ સંહિતાની કલમ - 509 હેઠળ ફરિયાદ દાખલ કરશે.
(D) માફી મંગાવી કેસ પતાવટ કરશે.

(69) કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અંગેના અધિનિયમ - 2013 અંતર્ગત સ્થાનિક સમિતિએ કેટલા સમયગાળામાં રીપોર્ટ નોકરીદાતાને કે જિલ્લા અધિકારીને મોકલવો જોઈશે ?

(A) સાત દિવસ
(B) પંદર દિવસ
(C) દસ દિવસ
(D) ત્રીસ દિવસ

(70) કામકાજના સ્થળે મિહલાઓની જાતીય સતામણી અંગેના અધિનિયમ - 2013 અનવયે સ્થાનિક સમિતિ અથવા આંતરીક ફરિયાદ સમિતિ ફરીયાદ કરનાર સામે પગલાં લેવા નીચેના પૈકી કયા કારણ માટે કરી શકશે ?

(A) સમિતિને એવું જણાય કે ફરિયાદીએ કોઈ બનાવટી દસ્તાવેજ રજૂ કર્યા હોય.
(B) સમિતિ એવા નિષ્કર્ષ પર પહોંચે કે પ્રતિવાદી સામેનો આરોપ દ્વેષપૂર્ણ છે.
(C) ફરિયાદ કરનારે ફરિયાદ ખોટી હોવાનું જાણતા હોવાછતાં ફરિયાદ કરી હોય તેવું જણાયું હોય.
(D) ફરિયાદી ટૂંકા સમયગાળામાં બે કે તેથી વધુ ફરિયાદો કરેલ હોય.

(71) કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અંગેના અધિનિયમ - 2013 અંતર્ગત પીડિતા મહિલાને ચૂકવવામાં આવનાર વળતરનીરકમ નક્કી કરવા નીચેના પૈકી કઈ બાબત ધ્યાને લેશે નહિ ?

(A) પીડિત દ્વારા શારીરિક માનસીક સારવાર માટે કરવામાં આવેલ તબીબી ખર્ચ

(B) પ્રતિવાદીની આવક અને નાણાંકીય સ્થિતિ

(C) જાતીય સતામણીની ઘટનાને કારણે કારકિર્દીની તક ગુમાવવી

(D) મહિલાની મિલકતમાં થયેલ નુકસાન

(72) કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અંગેના અધિનિયમ - 2013 ની કઈ કલમમાં અપીલ અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે ?

(A) કલમ - 16 (B) કલમ - 19 (C) કલમ - 15 (D) કલમ - 18

(73) કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણીના અધિનિયમ - 2013 ની કઈ કલમમાં જિલ્લા અધિકારીએ વાર્ષિક અહેવાલો અંગેનો સંશિપ્ત અહેવાલ રાજ્ય સરકારને મોકલવાનો રહેશે ?

(A) કલમ - 21 (1) (B) કલમ - 21 (2) (C) કલમ - 22 (D) કલમ - 23

(74) કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણીના અધિનિયમ - 2013 ની કઈ કલમમાં જિલ્લા અધિકારીની સત્તા અને ફરજો દર્શાવવામાં આવેલ છે ?

(A) કલમ - 20 (B) કલમ - 5 (C) કલમ - 21 (2) (D) કલમ - 25

(75) કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અંગેના અધિનિયમ - 2013 અંતર્ગત કઈ કલમની જોગવાઈથી આંતરીક ફરિયાદ સમિતિની રચના કરવામાં આવે છે ?

(A) કલમ - 4 (B) કલમ - 5 (C) કલમ - 6 (D) કલમ - 7

(76) કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અંગેના અધિનિયમ - 2013 ની કઈ કલમ મુજબ સ્થાનિક સમિતિની રચના કરવાની જોગવાઈ છે ?

(A) કલમ - 5 (B) કલમ - 6 (1)

(C) કલમ - 6 (2) (D) કલમ - 7 (1)

(77) રજીસ્ટર થયેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાલાના શિક્ષકોના ખાનગી અહેવાલમાં કુલ કેટલા મુદ્દાનો સમાવેશ કરેલ છે ?

(A) 18 (B) 19 (C) 20 (D) 21

(78) ગુજરાત માધ્તયમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો - 1974 ના કયા નિયમમાં શિક્ષકો માટે ખાનગી અહેવાલ અંગે જોગવાઈ છે ?

(A) 38 (1) (ખ) (5) (B) 38 (1) (ક) (5)

(C) 38 (1) (ખ) (6) (D) 38 (1) (ક) (6)

(79) રજીસ્ટર થયેલ માધ્ય અને ઉચ્ચતર માધ્તયમિક શાળાઓના શિક્ષકો માટેના ખાનગી અહેવાલ અંગે ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ વિનિયમો - 1974 માં કયો નમૂનો ઠરાવેલ છે ?

(A) નમૂનો - 6 (B) નમૂનો - 7 (C) નમૂનો - 8 (D) નમૂનો - 9

(80) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો - 1974 મુજબ ખાનગી અહેવાલ કયા પ્રકારનું રેકર્ડ છે ?

(A) બે વર્ષ સાચવવાનું રેકર્ડ (B) કાયમી રેકર્ડ

(C) દસ વર્ષ સાચવવાનું રેકર્ડ (D) ત્રણ વર્ષ સાચવવાનું રેકર્ડ

(81) ગુજરાત સરકારના વર્ગ - 3 ના કર્મચારીઓના ખાનગી અહેવાલને સ્થાને શું દાખલ કરવામાં આવેલ છે ?

(A) વાર્ષિક મૂલ્યાંકન અહેવાલ (B) વાર્ષિક કામગીરી અહેવાલ

(C) કામગીરી મૂલ્યાંકન અહેવાલ (D) વાર્ષિક કામગીરી મૂલ્યાંકન

(82) રજીસ્ટર થયેલી માધ્યમિક - ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકના ખાનગી અહેવાલમાં એકંદર મૂલ્યાંકનમાં નીચેના પૈકી કયો વિકલ્પ આપવામાં આવેલ છે ?

(A) અતિ ઉત્તમ (B) શ્રેષ્ઠ

(C) મધ્યમ (D) ખૂબ નબળુ

(83) રજીસ્ટર્ડ માધ્યમ અને ઉચ્ચતર શાળાના શિક્ષકના ખાનગી અહેવાલમાં શાનો સમાવેશ થતો નથી ?

(A) શિક્ષકના વ્યક્તિગત અને સામાજીક ગુણ (B) જવાબદારીની ભાવના

(C) શીલ અને ચારિત્ર્યના ગુણો (D) તેના વિષયના બોર્ડના પરિણામો

(84) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 કઈ તારીખથી અમલમાં આવ્યો ?

(A) તા. 31-05-1994 (B) તા. 09-09-1988

(C) તા. 01-09-1988 (D) તા. 31-03-1994

(85) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 અંતર્ગત 'રાજ્ય સેવક' તરીકે કોનો સમાવેશ થતો નથી ?

(A) સ્થાનિક સત્તામંડળની નોકરીમાં હોય અથવા તેની પગારદાર હોય તેવી કોઈ વ્યક્તિ

(B) કોઈ ન્યાયાલયે અથવા સક્ષમ સરકારી અધિકારીએ જેને કોઈ દાવો કે બાબત નિર્ણયાર્થે કે રીપોર્ટ કરવા માટે મોકલેલ હોય તેવા કોઈ લવાદ કે અન્ય વ્યક્તિ

(C) કોઈ પણ યુનિવર્સિટીના ગમે તે નામે ઓળખાતા કુલપતિ (વાઈસ ચાન્સેલર)

(D) સ્વભંડોળથી પ્રવૃત્તિ કરતી સંસ્થાના પદાધિકારી

(86) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 ની જોગવાઈ મુજબ જે કોઈ વ્યક્તિ કલમ 13 ની પેટા કલમ(1)ના ખંડ (ગ) અથવા ખંડ (ધ) માં ઉલ્લેખેલો ગુનો કરવાની કોશીશ કરે તો કેટલા વર્ષ સુધીની કેદની અને દંડની શિક્ષાને પાત્ર થશે ?

(A) સાત વર્ષ (B) ત્રણ વર્ષ (C) એક વર્ષ (D) છ મહિના

(87) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 અનુસાર જો રાજ્ય સેવક નાણાંકીય સાધનોનો અથવા આવકના તેનાં જાણીતા સાધનો સાથે અપ્રમાણસર એવી મિલકતના સંતોષકારક હિસાબ આપી શકે નહિ તો તેની વિરુદ્ધ કઈ કલમ હેઠળ ગુનો દાખલ થઈ શકે ?

(A) કલમ - 16 (B) કલમ 13-1 (અ) (C) કલમ - 14 (D) કલમ - 7 (ચ)

(88) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 મા ગુના અને શિક્ષાના પ્રકરણમાં કેટલી મુખ્ય કલમો આવેલી છે ?

(A) 04 (B) 13 (C) 02 (D) 10

(89) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 મા 'જાહેર સેવક'ની વ્યાખ્યા કયા પ્રકરણમાં આપવામાં આવી છે ?

(A) પ્રકરણ - 5 (B) પ્રકરણ - 4 (C) પ્રકરણ - 2 (D) પ્રકરણ - 1

(90) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 હેઠળ શિક્ષાને પાત્ર કોઈ ગુનાનું તહોમત મુકવામાં આવ્યું હોય તેવી કોઈ વ્યક્તિ, બચાવ માટેના સક્ષમ સાક્ષી તરીકે ગણાશે એવી જોગવાઈ કઈ કલમમાં કરવામાં આવી છે ?

(A) કલમ - 15 (B) કલમ - 16 (C) કલમ - 20 (D) કલમ - 21

(91) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 અનુસાર જે કોઈ વ્યક્તિ કલમ-7 અથવા 11 હેઠળ શિક્ષાને પાત્ર કોઈ પણ ગુનાનું દુષ્પ્રેરણ કરે, પછી તે ગુનો દુષ્પ્રેરણ કરવાના પરિણામે થયો હોય કે થયો ન હોય તો પણ તેને ઓછામાં ઓછી કેટલાં માસની કેદનીસજાને પાત્ર થશે ?

(A) ત્રણ માસ (B) છ માસ (C) નવ માસ (D) એક માસ

(92) માહિતીનો અધિકાર અધિનિયમ 2005 અનુસાર 'માહિતી'માં નીચેનમાંથી કોનો સમાવેશ થતો નથી ?

(A) દફતર (B) ઈ-મેઈલ (C) ફાઈલોની નોંધ (D) લોગબૂક્સ

(93) માહિતીનો અધિકાર અધિનિયમ 2005 માં આંશિક માહિતી જાહેર કરી શકવાની જોગવાઈ કઈ કલમમાં છે ?

(A) કલમ - 7 (B) કલમ - 8 (C) કલમ - 9 (D) કલમ - 10

(94) માહિતીનો અધિકાર અધિનિયમ 2005 મુજબ વિનામૂલ્યે માહિતી પૂરી પાડવાની જોગવાઈ બાબતે શું સાચું નથી ?

(A) સમુચિત સરકાર નક્કી કરે તેવી ગરીબી રેખા નીચેનીહોય તેવી વ્યક્તિઓ પાસેથી કોઈ ફી લેવી જોઈશે નહિ.

(B) પેટા કલમ (1) મા નિર્દિષ્ટ કરેલી સમય મર્યાદાનું પાલન કરવામાં ચૂક કરે ત્યારે માહિતી વિનામૂલ્યે પૂરી પાડવી જોઈએ.

(C) અપીલ અધિકારી દ્વારા જાહેર માહિતી અધિકારીને વિના મૂલ્યે માહિતી પૂરી પાડવાનો આદેશ કરેલ હોય ત્યારે માહિતી વિનામૂલ્યે પૂરી પાડવી જોઈશે.

(D) કોઈ ત્રાહિત પક્ષકારને લગતી માહિતી હોય અને તે ત્રાહિત પક્ષકારે તેને ખાનગી માહિતી તરીકે ગણી હોય ત્યારે વિનામૂલ્યે પૂરી પાડવી.

(95) માહિતીનો અધિકાર અધિનિયમ 2005 માં માહિતી પૂરી પાડવા અસ્વીકાર માટે કઈ કલમ હઠળ જોગવાઈ કરવામાં આવી છે ?

(A) કલમ - 7 (B) કલમ - 6 (C) કલમ - 5 (D) કલમ - 4

(96) માગેલ માહિતી, બીજા સંબંધિત જાહેર સત્તા મંડળને લગત હોય તો કયા નિયત નમૂનામાં તબદીલ કરવાની થાય છે ?

(A) નમૂનો - ક (B) નમૂનો - ખ (C) નમૂનો - ગ (D) નમૂનો - ઘ

(97) જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ - 2012 (POCSO-ACT, 2012) માં મુખ્ય કલમો કેટલી છે ?

(A) 46 (B) 09 (C) 07 (D) 39

(98) જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ - 2012 (POCSO-ACT, 2012) માં બાળકનાનિવેદન નોંધવા માટેની પ્રક્રિયા માટેની કેટલી કલમો છે ?

(A) 24 (B) 04 (C) 15 (D) 16

(99) કામના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અટકાયત કાયદો - 2013 માં જાતીય સતામણીની વ્યાખ્યા કઈ કલમમાં આપેલ છે ?

(A) કલમ - 3 (B) કલમ - 2 (એન) (C) કલમ - 2 (બી) (D) કલમ - 1

(100) કામના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અટકાય કાયદો - 2013 માં કામના સ્થળની વ્યાખ્યા કઈ કલમમાં આપેલ છે ?

(A) કલમ - 1 (B) કલમ - 2 (બી) (C) કલમ - 2 (ડી) (D) કલમ - 2 (ઓ)

◆◆◆

# રફ કામ માટેનું પેઈજ

SEAL SEAL SEAL SEAL PAPER-3

## રફ કામ માટેનું પેઈજ

**પરીક્ષા પૂરી થયાબાદ OMR શીટ ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલા લઈ પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.**